# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

રવિવાર ૧૫ માર્ચ, ૨૦૨૬



**આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓને કારણે ગેસ પુરવઠા અંગે અનિશ્ચિતતા જોવા મળે છે ત્યારે મુજકુવા ગામના પરિવારો માટે બાયોગેસ પ્લાન્ટ ખૂબ ઉપયોગી**

# મુજકુવા : ગેસ અછત વચ્ચે ઉર્જામાં આત્મનિર્ભર ગામ

**ખેડૂત પરિવારો** પોતાના આંગણામાં જ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરેલો છે

**ગ્રામજનોને** છેલ્લા કેટલાક વર્ષોથી સિલિન્ડર ખરીદવાની પળોજણથી મુક્તિ

(પ્રતિનિધિ) આણંદ તા 14

આણંદ જિલ્લાના મુજકુવા ગામમાં બાયોગેસ પ્લાન્ટની સુવિધાને કારણે ગ્રામજનો ગેસની સમસ્યા મામલે 160 જેટલા પરિવારો સંપૂર્ણપણે નિશ્ચિંત બનેલા છે. વિશ્વમાં ચાલી રહેલી યુદ્ધ જેવી પરિસ્થિતિઓને કારણે ઈંધણ અને ગેસના પુરવઠા અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે, ત્યારે મુજકુવા ગામે વૈકલ્પિક ગેસ ઊર્જા સ્ત્રોત અપનાવીને આત્મનિર્ભરતા માટે એક ઉત્તમ દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે.

મુજકુવા ગામમાં દેશની પ્રથમ મહિલા આગેવાની હેઠળની ઉત્પાદક સહકારી મંડળીને રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. એનડીડીબી દ્વારા આ સહકારી મંડળીને બાયો સ્લરી આધારિત ઓર્ગેનિક ખાતરોના ઉત્પાદન માટે પોતાનો ટ્રેડમાર્ક 'સુધન' પણ આપવામાં આવ્યો છે.

NDDB દ્વારા ગામની આશરે 160 મહિલા ખેડૂતોને બાયોગેસ પ્લાન્ટ માટે મંજૂરી આપવામાં આવેલી છે. આ પહેલના કારણે ગામના અનેક ખેડૂત પરિવારો પોતાના આંગણામાં જ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કરેલો છે. જેના કારણે છેલ્લા કેટલાક વર્ષોથી સિલિન્ડર ખરીદવાની પડોજણથી મુકિત મેળવી લીધી છે.



મહિલા ખેડૂતોની આગેવાની હેઠળ શરૂ થયેલી આ પહેલથી માત્ર ઊર્જા સ્વાવલંબન જ નહીં પરંતુ ઓર્ગેનિક ખાતરોના ઉત્પાદન દ્વારા કૃષિ ક્ષેત્રમાં પણ સકારાત્મક પરિવર્તન જોવા મળી રહ્યું છે. મુજકુવા ગામની આ પહેલ અન્ય ગામો માટે પણ પ્રેરણારૂપ બની રહી છે. આણંદ જિલ્લાનું મુજકુવા ગામ ઊર્જા ક્ષેત્રે આદર્શન ગામ તરીકે ઊભરી આવ્યું છે.

### પરિવારો માટે બાયોગેસ પ્લાન્ટ ખૂબ ઉપયોગી સાબિત થયો છે

પશુઓના ગોબર અને સજીવ કચરાથી ઉત્પન્ન થતો બાયોગેસ રસોઈ માટે બળતણ તરીકે ઉપયોગમાં લેવાય છે. જેના કારણે ગેસ સિલિન્ડર ખરીદવા તેમજ સિલિન્ડર લાવવા લઈ જવા માટેનો ખર્ચ પણ વેઠવો પડતો નથી. બાયોગેસ પ્લાન્ટ દ્વારા ઉત્પાદિત ગેસ માટે ખર્ચ ખૂબ ઓછો થાય છે તેમજ બહારથી ગેસ મેળવવાની જરૂરિયાત પણ ઘટી જાય છે. ખાસ કરીને વર્તમાન સમયમાં જ્યારે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓને કારણે ગેસ પુરવઠા અંગે અનિશ્ચિતતા જોવા મળે છે ત્યારે મુજકુવા ગામના પરિવારો માટે બાયોગેસ પ્લાન્ટ ખૂબ ઉપયોગી સાબિત થયો છે. ઘરઆંગણે જ ગેસ ઉપલબ્ધ હોવાથી ગેસ સિલિન્ડર માટે લાંબી રાહ જોવી કે મુશ્કેલીઓ વેઠવાની ઝંઝટમાંથી ગ્રામજનોને મુક્તિ મળી છે.

### ગેસ સિલિન્ડર સબસીડીની વાર્ષિક 8 લાખની બચત

મુજકુવા ગામમાં સ્થાપિત દેશની પહેલી બાયોગેસ પ્લાન્ટ અમલીકરણ માટેની સંસ્થા દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી સુચારુ સંચાલન કરવામાં આવી રહ્યું છે. વિવિધ હિસ્સેદારો માટે MSKSML દ્વારા બનાવેલા ફાયદાઓની મળતી માહિતી મુજબ સરેરાશ વાર્ષિક 8થી 9 લાખ લિટર સ્લરી ખરીદવા માટે વ્યવસ્થા છે. અને ખેડૂતો પાસેથી સ્લરી ખરીદી સામે નિયમ મુજબ ચુકવણી કરવામાં આવે છે. હિસાબી વર્ષ દરમિયાન સ્લરી આધારિત ખાતરો એટલે કે PROM, MRL, રૂટ ગાર્ડ, ગ્રોમેક્સ અને ન્યુટ્રિટના વેચાણથી માતબર રકમ આવક મળે છે.

---

**કપડવંજમાં રાંધણ ગેસની અછત વચ્ચે મામલતદારનો સપાટો**

# કપડવંજમાં ચાની દુકાનોમાંથી 5 ઘરેલુ ગેસ સિલિન્ડર ઝડપાયા

**ગેરકાયદેસર વપરાશ** કરતા વેપારીઓમાં ફફડાટ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ.

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

કપડવંજ શહેરમાં છેલ્લા એક અઠવાડિયાથી રાંધણ ગેસની સર્જાયેલી ગંભીર અછત અને સામાન્ય નાગરિકોની હાલાકીને ધ્યાને લઈ મામલતદારની ટીમે આકસ્મિક દરોડા પાડ્યા હતા. શહેરની બે જાણીતી ચાની દુકાનોમાં વ્યાવસાયિક હેતુ માટે ગેરકાયદેસર રીતે વપરાતા 5 ઘરેલુ ગેસ સિલિન્ડર જપ્ત કરી તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરી છે.



કપડવંજ શહેરમાં ગેસ પુરવઠામાં વિક્ષેપ પડતા ગેસ એજન્સીઓ બહાર વહેલી સવારથી જ ગ્રાહકોની લાંબી કતારો જોવા મળી રહી છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં કલાકો સુધી રાહ જોવી પડતી હોવાથી ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે કેટલીક ખાણીપીણીની દુકાનોમાં નિયમોનું ઉલ્લંઘન કરી સસ્તા ઘરેલુ ગેસનો ઉપયોગ થતો હોવાની ફરિયાદો ઉઠી હતી. જેના પગલે મામલતદાર દ્વારા ખાસ ટીમ બનાવી શહેરના બજારોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીથી ગેરરીતિ આચરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. સ્થાનિક નાગરિકોની માંગ છે કે આગામી દિવસોમાં પણ આ પ્રકારની તપાસ ચાલુ રાખવામાં આવે જેથી બજારમાં કૃત્રિમ અછત ઉભી ન થાય અને સામાન્ય પરિવારોને સમયસર રાંધણ ગેસ મળી રહે.

## આણંદ મનપાની વેરા શાખા આજે પણ ખુલ્લી રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.14

કરમસદ - આણંદ મનપા દ્વારા રવિવારની જાહેર રજા પણ બાકી વેરા ભરવા માટે આયોજન કરવામાં આવ્યું છે.

કરમસદ - આણંદ મનપાના કમિશનરની સૂચના મુજબ, ચાલુ નાણાકીય વર્ષ 31મી માર્ચ 2026ના રોજ પૂર્ણ થતું હોવાથી, નગરજનો પોતાનો બાકી મિલકત વેરો સમયસર ભરી શકે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંતર્ગત 15મી માર્ચ, રવિવાર તથા માર્ચ મહિનાની અન્ય જાહેર રજાના દિવસોમાં પણ આણંદ, કરમસદ, વિદ્યાનગર, મોગરી, ગામડી, જીટોડીયા અને લાંભવેલ સ્થિત મનપાની તમામ કચેરીઓ સવારે 11થી બપોરે 4 વાગ્યા સુધી કાર્યરત રહેશે. મનપા દ્વારા તમામ કરદાતાઓને વહેલી તકે બાકી વેરો જમા કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

---

**કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી**

# આણંદમાં બાકી વેરો ન ભરતાં વધુ 19 દુકાનને સીલ મરાયા

**બાકીદારો પાસેથી** રૂ.5.21 લાખ ઉપરાંતનો વેરો વસૂલાયો

(પ્રતિનિધિ) આણંદ તા.14

કરમસદ - આણંદ મનપાના કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ મિલકત વેરો વસૂલવા માટે વિશેષ ઝુંબેશ તેજ કરવામાં આવી છે. 31મી માર્ચ 2026ની સમયમર્યાદા પહેલા મહત્તમ બાકી ટેક્સ વસૂલવા માટે તંત્ર દ્વારા કડક વલણ અપનાવી શહેરના વિવિધ વિસ્તારોમાં મિલકતો સીલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.



કરમસદ - આણંદ મનપાના ટેક્સ વિભાગની રિકવરી ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહી અંતર્ગત ગણેશ ચોકડી પાસે આવેલા નીલકંઠ સ્ક્વેરની 14 દુકાનો અને જૂના બસ સ્ટેન્ડ પાસે આવેલ યાદાદા કોમ્પ્લેક્સની 5 દુકાનો, એમ કુલ 19 મિલકતોને સીલ કરવામાં આવી છે. આ દુકાનોનો અંદાજે રૂ. 1,67,971 જેટલો વેરો લાંબા સમયથી બાકી હતો. આ કડક કાર્યવાહીની સાથે જ અન્ય મિલકત ધારકો પાસેથી તંત્ર દ્વારા રૂ. 5,21,214 જેટલી રકમનો બાકી વેરો પણ વસૂલ કરવામાં આવ્યો હતો.

આ અંગે ટેક્સ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, શહેરના તમામ મિલકત ધારકોએ 31મી માર્ચ પહેલા પોતાનો બાકી વેરો ભરપાઈ કરી દેવો અનિવાર્ય છે. જે મિલકત ધારકો આ સમયમર્યાદામાં વેરો જમા નહીં કરાવે, તેઓની સામે આગામી દિવસોમાં વધુ કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી મનપા તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

---

# ખેડા પાસે બાઈક ગટરમાં ખાબકતા ચાલકનું મોત

**ઉત્તર પ્રદેશના યુવકે** ચાર દિવસની સારવાર બાદ દમ તોડ્યો

**ખેડા પોલીસે** અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.14

ખેડા તાલુકાના લાલી ગામના પાટિયા પાસે ચાર દિવસ અગાઉ પૂરપાટ ઝડપે જતું બાઈક સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવવાને કારણે રોડ સાઈડની ગટરમાં ખાબક્યું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બાઈક ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી મોહમ્મદ કાસીમ બરકતઉલ્લા ગત 9મી માર્ચના રોજ બપોરે 12 વાગ્યાના સુમારે પોતાનું બાઈક (નંબર GJ 07 BM 7585) લઈને લાલી ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક ચાલકે બાઈક પરનો કાબૂ ગુમાવતા વાહન પૂરપાટ ઝડપે રોડની બાજુમાં આવેલી ગટરમાં જઈને ખાબક્યું હતું. આ અકસ્માતને પગલે આજુબાજુના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ગંભીર રીતે ઘવાયેલા ચાલકને મહામુસીબતે બહાર કાઢ્યો હતો. તેને વધુ સારવાર માટે તાત્કાલિક અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ચાર દિવસ સુધી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ આજે બપોરે તેનું અવસાન થયું હતું.

આ બનાવ સંદર્ભે ખેડા શહેર પોલીસે અકસ્માતનો ગુનો નોંધી મૃતકની લાશના પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરી છે.

**તસ્કરોનો આતંક | 15થી 16 લાખના સોના-ચાંદીના ઘરેણા અને રોકડની ચોરી**

# બેચરીમાં એક જ રાતમાં ત્રણ મકાન અને દુકાનમાં લાખોની મતાની ચોરી

**સીસીટીવીમાં શંકાસ્પદ** ગાડી કેદ થતાં પોલીસે તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.14

ઉમરેઠ તાલુકાના બેચરી ગામમાં તસ્કરોએ એક જ રાતમાં ત્રણ રહેણાંક મકાનો અને એક કટલરીની દુકાનને નિશાન બનાવી અંદાજે 15થી 16 લાખ રૂપિયાની મત્તાની ચોરી કરી પલાયન થઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. એક જ રાતમાં બનેલી આટલી મોટી ઘરફોડ ચોરીની ઘટનાને પગલે ગ્રામજનોમાં ભય અને ફફડાટ વ્યાપી ગયો છે.

ઉમરેઠ તાલુકાના બેચરી ગામમાં તસ્કરોએ ચોરીનો અંજામ આપવા માટે એવા મકાનો પસંદ કર્યા હતા જેના માલિકો ખેતરમાં રહેવા ગયા હતા અને મકાનોને તાળા મારેલા હતા. આ ઘટના પરથી સ્પષ્ટ જણાય છે કે ચોરોએ પહેલા ગામમાં ફરીને પાકી રેકી કરી હતી અને ત્યારબાદ ચોરીને અંજામ આપ્યો હતો.

ઉમરેઠ પોલીસની તપાસ અને સીસીટીવી ફૂટેજ ઘટનાની જાણ થતા ઉમરેઠ પોલીસ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી. એફએસએલની ટીમે પણ ઘટનાસ્થળે પહોંચી ફિંગર પ્રિન્ટ અને અન્ય નિશાનીઓની સઘન તપાસ હાથ ધરી છે. તપાસ દરમિયાન ગામમાં આવેલી ઈન્ડસલેન્ડ બેંકના સીસીટીવી ફૂટેજમાં એક શંકાસ્પદ ગાડી નજરે પડી છે, જેના આધારે પોલીસે તપાસ તેજ કરી છે.

### ઉમરેઠના બેચરી ગામમાં ક્યાં ક્યાં ચોરી થઇ ?

- **ધીરજસિંહ પ્રભાતસિંહ ગોહેલ:** તસ્કરોએ ઘરને મુખ્ય નિશાન બનાવી સોનાનું મંગળસૂત્ર, સોનાની ચેઈન, બુટ્ટી, ચાર વીંટી, બે સોનાના ચૂડા, ચાર ચુડીઓ, ચાંદીના દાગીના અને 50 હજાર રૂપિયા રોકડ મળી લાખોની મત્તાની ચોરી કરી છે.
- **પ્રકાશભાઈ કનુભાઈ ગોહેલ:** તેમના ઘરમાંથી સોનાની બુટ્ટી અને ચાંદીના ઝાંજરની ચોરી થઈ છે.
- **અરવિંદભાઈ કાલિદાસભાઈ પટેલ:** તેમના ઘરના પણ તાળા તૂટ્યા હતા, પરંતુ તસ્કરોના હાથમાં કોઈ ખાસ ચીજવસ્તુ આવી નહોતી.
- **જિજ્ઞેશભાઈ પ્રજાપતિ (કટલરી દુકાન):** દુકાનના નકુચા તોડી એક ગુણ ચોખા, પાણીની બોટલનું કેરેટ અને ગલ્લામાંથી રોકડની ચોરી કરવામાં આવી છે.
- **અન્ય:** તસ્કરોએ ફળીયામાં પાર્ક કરેલા શૈલેશભાઈ પટેલના બુલેટ બાઈકના હોર્ન પણ ચોરી લીધા હતા.

# બારોડામાં અકસ્માત થતાં માજી સરપંચનું કરુણ મોત

**ભોજન કરી પરત** ફરતી વખતે એક્ટિવાની રેસ વધી જતાં નિયંત્રણ ગુમાવ્યું

(પ્રતિનિધિ) વીરપુર તા.14

વીરપુર તાલુકાના બારોડા ગામમાં શનિવારે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં ગામના માજી સરપંચ અને જાણીતા વેપારીનું અકાળે અવસાન થયું છે.

બારોડા ગામમાં રહેતાં રમેશભાઈ હીરાભાઈ પ્રજાપતિ (ઉ.વ.58) પોતાની એક્ટિવા લઈને જઈ રહ્યા હતા ત્યારે અચાનક વાહન પરનું નિયંત્રણ ગુમાવતા એક્ટિવા ચબૂતરા સાથે અથડાયું હતું, જેમાં તેમને જીવ ગુમાવવો પડ્યો છે. આ ઘટનાની વિગત એવી છે કે રમેશભાઈ બપોરે જમીને આવી રહ્યા હતા ત્યારે અચાનક તેમના એક્ટિવાની રેસ (એક્સિલરેટર) વધી ગઈ હતી. પ્રાથમિક અનુમાન મુજબ, વાહનમાં કોઈ ટેકનિકલ ખામી સર્જાઈ હોઈ શકે છે અથવા તો રમેશભાઈને અચાનક બીપી લો જેવી તબિયતની તકલીફ થતાં તેઓ વાહન પર કાબૂ રાખી શક્યા નહોતા. અનિયંત્રિત બનેલું એક્ટિવા સીધું રોડ પાસેના ઓટલા પર ચઢીને ચબૂતરા સાથે જોરદાર રીતે અથડાયું હતું. આ અકસ્માતમાં રમેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી, તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાં હાજર તબીબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક રમેશભાઈ ગામના માજી સરપંચ હોવાની સાથે સ્થાનિક સ્તરે દુકાન પણ ચલાવતા હતા.

---

# ખંભાતમાં જગદગુરુ શંકરાચાર્યે સનાતન ધર્મના મૂલ્યો પર ભાર મૂક્યો

**શારણેશ્વર મહાદેવના** મંદિરે દર્શન કર્યાં, ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કાર્યક્રમ સંપન્ન

(પ્રતિનિધિ) ખંભાત તા.14

ઐતિહાસિક ખંભાત નગરમાં શનિવારે ભક્તિમય માહોલ છવાયો હતો. જ્યોતિષ પીઠાદેશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીજી મહારાજના આગમનથી નગરજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે ધાર્મિક વિધિઓ, પુસ્તક વિમોચન અને ધર્મસભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

ખંભાતના વકીલ અને શિક્ષણવિદ ડો. બંકિમચંદ્ર વ્યાસના લાડવાડો સ્થિત નિવાસસ્થાને જગદગુરુ શંકરાચાર્યનું આગમન થયું હતું. અહીં પરિવાર અને સ્થાનિકો દ્વારા તેમનું ભાવભીનું અને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. નિવાસસ્થાન ખાતે શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા-પાઠ અને આરતી કરવામાં આવી હતી, જેના પવિત્ર મંત્રોચ્ચારથી



સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ પવિત્ર અવસરે ડૉ. બંકિમચંદ્ર વ્યાસ દ્વારા લિખિત 'Kashmiri Shaivism' પુસ્તકનું જગદગુરુના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

બાદમાં સ્વામીજીએ પટેલ ભુવન પાસે આવેલા પ્રાચીન શારણેશ્વર મહાદેવના મંદિરે શીશ નમાવી દર્શન કર્યા હતા. જ્યાં ધર્મસભામાં શંકરાચાર્યજીએ ઉપસ્થિત મેદનીને પ્રેરણાદાયી અને ઉપદેશાત્મક પ્રવચન આપ્યું હતું. તેમણે ખાસ કરીને ગૌ રક્ષા, સનાતન ધર્મના મૂલ્યો અને સંસ્કારોના જતન પર વિશેષ ભાર મૂક્યો હતો. આ ધાર્મિક કાર્યક્રમમાં બ્રહ્મ સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમની ગરિમા અને ભીડને ધ્યાનમાં રાખીને પોલીસ પ્રશાસન દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225